ઇ/ચા. નાયબ ચેરિટી કમિશનર સમક્ષ, અમદાવાદ

ફેરફાર રીપોર્ટ નં. ૧૧૯૨/૨૦૧૬

ટ્રસ્ટનું નામઃ- ગુજનોન મેન્યુફેકચરર એસોસીએશન ઓફ નોનવુવન્સ

અરજદારઃ- હેમીલ બી.પટેલ

ટ્રસ્ટ નંબરઃ- એફ/૧૬૩૭૭/અમદાવાદ

-- આંકઃ ૧ (ફેરફાર રીપોર્ટ) હેઠળ હુકમ. --

સદરહુ ટ્રસ્ટના રીપોર્ટીંગ ટ્રસ્ટીએ ટ્રસ્ટનુ નામ બદલવા અંગે ફેરફાર રીપોર્ટ આંક-૧ થી રજુ કરેલ છે. જેની સામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

૧. આંક - ૧ ફેરફાર રીપોર્ટ.
 નિ. ૧/૧ થી નિ ૧/૩ એજન્ડા
 નિ. ૧/૪ થી નિ ૧/૬ ઠરાવ
૨. આંક - ૨ થી અરજદારનુ સોગંદનામુ
૩. આંક -૩ થી એડવો બી.વી.ચૌહાણનુ વી.પી.
૪. આંક - ૪ બોર્ડ પર લેવાની અરજી
૫. આંક-૫ એફિડેવિટ
૬. આંક-૬ પુરાવાલીસ્ટ

સદરહુ ફેરફાર રીપોર્ટ અંગે અરજદારના વિ.એડવોની રજુઆત સાંભળી સદર ફેરફાર રીપોર્ટ ટ્રસ્ટનુ હાલનુ નામ ગુજનોન મેન્યુફેકચરર એસોસીએશન ઓફ નોનવુવન્સ બદલી ટ્રસ્ટનુ નવુ નામ ઇન્ડીનોન મેન્યુફેકચરર એસોસીએશન ઓફ નોનવુવન્સ રાખવા દાદ માંગવામા આવેલ છે. ધી સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ-૧૮૬૦ પ્રમાણેના ઠરાવ રજુ કરવામા આવેલા છે. આંક-૫ થી અરજદારે સોગંદનામુ રજુ કરેલ છે. ટ્રસ્ટ હિતમાં ફેરફાર રીપોર્ટ મંજુર થવા પાત્ર જણાય છે.

સદરહુ ફેરફાર રીપોર્ટ સામે કોઈ વાંધા અરજી હોવાનુ દસ્તાવેજી પુરાવા પરથી જણાતુ નથી.

જેથી આ ફેરફાર રીપોર્ટ સાદો અને બિનતકરારી હોય, કોઈ વિશેષ તપાસ કે પુરાવા તેમજ એસેસરની સલાહ, અભિપ્રાય કે મદદની આવશ્યકતા જણાતી નથી, જેથી અરજદારની રજુઆત તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ન્યાય ના હિતમાં તથા ટ્રસ્ટ વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

- હુકમ --

આ ફેરફાર રીપોર્ટ નં.૧૧૯૨/૧૬ આથી મંજુર કરવામાં આવે છે, અપીલ સમય બાદ આ ફેરફાર અંગેની પી.ટી.આર.માં નોંધ કરવી. હુકમની જાણ ટ્રસ્ટને કરવી. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

23/3/16

(એચ.એન.રાવલ)
ઇ/ચા.નાયબ ચેરિટી કમિશ્નર,

સ્થળ - અમદાવાદ.
તારીખ: ૨૩/૩/૨૦૧૬